Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં. એસજીજીયુ/વહીવટ/૨૦૨૧/૫૪૩૧ તા.૦૭/૦૪/૨૦૨૧

## પરિપત્ર – ૨૩૮૨

સંદર્ભ : ગૃહ વિભાગ, ગુજરાત સરકારનો તા.૦૬/૦૪/૨૦૨૧ નો હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા મુલાકાતીઓને સંદર્ભ દર્શિત હુકમ અન્વયે જણાવવાનું કે, કોરોના વાઇરસની મહામારીનું સંક્રમણ નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેરહિતમાં ૩૦/૦૪/૨૦૨૧ સુધી યુનિવર્સિટી કાર્યાલયની મુલાકાત સમયે અને નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

- યુનિવર્સિટી કાર્યાલય ખાતે ખુબ જ અગત્યની કામગીરી સિવાય આવવું નહી.
- યુનિવર્સિટી કાર્યાલય તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી પ્રત્યેક શનિવાર-રવિવારે બંધ રહેશે.
- યુનિવર્સિટી પરિસરમાં ફેસ-માસ્ક વગર પ્રવેશ મળી શકશે નહી. યુનિવર્સિટી પરિસરમાં પ્રવેશ કરતી વખતે જરૂરી તબીબી નીરીક્ષણ/સેનીટાઇઝની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની જુદા જુદા સેમેસ્ટરની પરીક્ષા સંદર્ભે યુનિવર્સિટીની વેબસાઇટ www.sggu.ac.in જોતા રહેવા વિનંતી છે.
- યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ દ્વારા કોલેજોના કર્મચારીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓને અનુલક્ષીને જાહેરહિતમાં કોરોના વાઇરસના સંક્રમણને અટકાવવાની તકેદારી રાખવા અંગેની બહાર પાડવામાં આવેલા સુચનો/SOPની અમલવારી કરવાની રહેશે. તથા કોરોના વાઇરસનું સંક્રમણ અટકાવવા સામાજીક અંતર, સેનીટાઇઝેશન, સ્વચ્છતા અંગેની કાળજી રાખવાની રહેશે.
- યુનિવર્સિટીમાં આવનાર તમામે યોગ્ય અંતર જળવાય (Social Distance) તેની કાળજી રાખવાની રહેશે.
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી પરિસરમાં કાર્ય કરતા કર્મચારીઓએ કામના સ્થળે બેઠક વચ્ચે ઓછામાં ઓછુ ૬ ફૂટનું અંતર રાખવાનું રહેશે. તેઓએ માસ્ક ફરજ્યાત પહેરવાના રહેશે.
- યુનિવર્સિટીમાં કાર્યરત સેવક ભાઇ-બહેનોએ આ વિશિષ્ટ પરિસ્થિતિમાં યુનિવર્સિટી પરિસર અને તમામ કાર્યાલયો સ્વચ્છ રહે તે માટે કાર્યરત થવાનું રહેશે. તેઓએ માસ્ક ફરજ્યાત પહેરવાના રહેશે.
- યુનિવર્સિટી પરિસરમાં કોઇપણ સ્થાને ૪ અથવા વધુ વ્યક્તિઓ કામ વગર એક સ્થળે ભેગા મળી/બેઠક કરી શકાશે નહિ.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ,
- યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા મુલાકાતીઓ તરફ જાણ તથા તેનું પાલન કરવા સારૂ.

## ગુજરાત સરકાર

**ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨**
**ગૃહ વિભાગ, સચિવાલય,**
**ગાંધીનગર**
**તા.૦૬/૦૪/૨૦૨૧**

**હુકમ :-**

નોવેલ કોરોના વાયરસ ( COVID-19)ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે.

૨. રાજ્યમાં COVID-19 ની અસર કેટલાક શહેરોમાં વધારે વર્તાઇ રહી છે.આ બાબતની ગંભીરતા ધ્યાને લેતા નામ. હાઇકોર્ટ દ્વારા તા.૦૬/૦૪/૨૦૨૧ના રોજ ખાસ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોરોના સંક્રમણને ધ્યાને લેતા રાજ્ય સરકાર દ્વારા અસરકારક પગલાં લેવા નામ. હાઇકોર્ટ દ્વારા સુચન કરવામાં આવેલ છે.

3, જેના અનુસંધાને કોરોના સંક્રમણની હાલની પરિસ્થિતી ધ્યાને લેતા રાજ્ય સરકારે નીચે મુજબ નિર્ણય કરેલ છે.

- હાલ રાજ્યના ચાર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૧૫/૦૪/૨૦૨૧ સુધી રાત્રિના ૦૯.૦૦ થી સવારના ૦૬.૦૦ કલાક સુધી રાત્રી કર્ફ્યુ અમલમાં છે. તેને બદલે રાજ્યના નીચે જણાવેલ શહેરોમાં કોરોનાના સંક્રમણને અટકાવવા ૦૭/૦૪/૨૦૨૧થી તા.30/૦૪/૨૦૨૧ સુધી દરરોજ રાત્રીના ૦૮.૦૦ કલાકથી સવારના ૦૬.૦૦ કલાક સુધી રાત્રી કર્ફ્યુ અમલમાં રહેશે.

| અનુ.નંબર | શહેરનું નામ |
|---|---|
| ૧ | અમદાવાદ શહેર |
| ૨ | વડોદરા શહેર |
| 3 | સુરત શહેર |
| ૪ | રાજકોટ શહેર |
| ૫ | ભાવનગર શહેર |
| ૬ | જામનગર શહેર |
| ૭ | જુનાગઢ શહેર |
| ૮ | ગાંધીનગર શહેર |
| ૯ | આણંદ શહેર |
| ૧૦ | નડિયાદ શહેર |

| અનુ.નંબર | શહેરનું નામ |
|---|---|
| ૧૧ | ગાંધીધામ શહેર |
| ૧૨ | ભુજ શહેર |
| ૧૩ | મોરબી શહેર |
| ૧૪ | પાટણ શહેર |
| ૧૫ | ગોધરા શહેર |
| ૧૬ | દાહોદ શહેર |
| ૧૭ | ભરૂચ શહેર |
| ૧૮ | સુરેન્દ્રનગર શહેર |
| ૧૯ | અમરેલી શહેર |
| ૨૦ | મહેસાણા શહેર |

- તા. ૧૦/૦૪/૨૦૨૧ થી લગ્ન / સત્કાર સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૧૦૦ થી વધુ વ્યક્તિઓ એકઠા કરી શકશે નહિ. આ દરમિયાન કોવિડ સબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓ યથાવત રહેશે.
- કર્ફ્યુના સમયના કલાકો દરમિયાન ઉપરોક્ત (૨૦) શહેરોમાં લગ્ન, સત્કાર સમારંભ કે અન્ય કાર્યક્રમો યોજી શકાશે નહિ.
- તા.૦૭/૦૪/૨૦૨૧ થી ૩૦/૦૪/૨૦૨૧ સુધી રાજકીય, સામાજીક અને અન્ય મેળાવડા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.
- કોઇપણ <u>Gathering</u> માં ૫૦ થી વધુ વ્યક્તિઓ એકત્ર થઇ શકશે નહિ. આ <u>Gathering</u> દરમિયાન કોવિડ સબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓ યથાવત રહેશે.
- મોરવા હડફ વિધાનસભા પેટા ચૂંટણી અને ગાંધીનગર મહાનગરપાલિકા મતવિસ્તારમાં ચુંટણીઓ દરમિયાન ચુટણીપંચની માર્ગદર્શક સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.
- રાજ્યની ખેત ઉત્પાદન બજાર સમિતીઓએ (એ.પી.એમ.સી) પણ કોવિડ-૧૯ અંગેની માર્ગદર્શક સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.
- તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી તમામ સરકારી કચેરીઓ તમામ <u>શનિ - રવિમાં</u> બંધ રહેશે. સરકારી કચેરીઓમાં ખુબ જ અગત્યની કામગીરી હોય તો જ મુલાકાતીઓને પ્રવેશ આપવાનો રહેશે.

૪. આ હુકમનું અસરકારક અમલીકરણ સર્વે પોલીસ કમિશ્નર, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ વડા દ્વારા કરવાનું રહેશે

આ જાહેરનામાના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની

જોગવાઇઓ, ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ તથા The Disaster Managament Actની જોગવાઇઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિખિલ ભટ્ટ)
અધિક સચિવ (કા.વ્ય.)
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
  ૨/– આ બાબતને બહોળી પ્રસિધ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, આઈ.ટી.સેલ,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આ હુકમને ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરુરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૧.